
# પ્રાઈવેટ સ્ટેનોગ્રાફર ૩૫૦ શબ્દો ટાઈપ કરે તો ૨૦ રૂપિયા મેળવે

## ગાંધીનગરથી અમદાવાદ જવું છે, બસસ્ટેશને બે-અઢી કલાક ઉભા રહો

સરકારમાં સ્ટેનોગ્રાફરની ભરતી પ્રક્રિયા બંધ કરવામાં આવી હોવાથી ફાયનાન્સ ડિપાર્ટમેન્ટ તરફથી સ્ટેનોગ્રાફરની સેવા લેવા માટે પ્રાઈવેટ વ્યક્તિઓને કામ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પાના દીઠ પૂરો કરવામાં ૨૦૧૭ પણ પસાર થઈ જાય તો નવાઈ પામવા જેવું નથી. ભારત સરકારે ૨૦૦૩ના વર્ષમાં મેટ્રોરેલ કરવા માટે શહેરોની યાદી મંગાવી હતી પરંતુ આપણે મેટ્રોની જગ્યાએ બીઆરટીએસ પસંદ કરી

## સચિવાલયમાં મોદીનો ડર નહીં, પ્રજાના પ્રતિનિધિઓને કામમાં જ રસ



## મહાત્મા મંદિર, ગિફ્ટ અને સ્વર્ણિમ સંકુલ - સરકાર ધારે એ કરી શકે છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કામ આપનારને અત્યાર સુધી સરકાર પ્રતિ પાનાદીઠ ૧૧ રૂપિયા મહેનતાણું ચૂકવતી હતી પરંતુ કામ આપનારા સ્ટેનોગ્રાફરો ઓછા મળતા હોવાથી ફાયનાન્સ ડિપાર્ટમેન્ટે તેમાં ૯ રૂપિયાનો વધારો કરીને આ રકમ ૨૦ રૂપિયા કરી દીધી છે. સરકારની શરતો પ્રમાણે પ્રાઈવેટ સ્ટેનોગ્રાફર જો ગુજરાતીમાં ટાઈપ કરે તો તેણે ૩૫૦ શબ્દો અને અંગ્રેજીમાં ટાઈપ કરે તો ૪૫૦ શબ્દો થાય તો ૨૦ રૂપિયા મેળવવા હક્કદાર બને છે. જો કે પહેલો પ્રેફરન્સ નિવૃત્ત થયેલા સ્ટેનોગ્રાફર કમ ટાઈપીસ્ટને આપવાનું નક્કી કરેલું છે. વાહ, ગુજરાત સરકારના દરો અને પ્રાઈવેટ સ્ટેનોગ્રાફરોની શકિતનો સમન્વય સચિવાલયની ઓફિસોમાં જોવા મળે છે...



**મેટ્રોરેલ બીજા શહેરોમાં તો સ્વપ્ન ...**

અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટનો પ્રારંભ તો થયો છે પરંતુ તેની ગતિ એટલી ધીમી છે કે આ પ્રોજેક્ટને અને જયપુર માટે રાજસ્થાને મેટ્રો પસંદ કરી, જયપુર આજે આગળ છે. આપણે પાછળ રહી ગયા છીએ. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડાવવાના ઈરાદા ૧૯૯૯માં આપણે રાખ્યા હતા. ચાર વર્ષ જવા દઈએ તો પણ ૧૨ વર્ષ થયા, મેટ્રોનો એક કિલોમીટરનો ટ્રેક તૈયાર કરી શક્યા નથી. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે એવો દાવો કર્યો હતો કે અમદાવાદ મેટ્રોરેલની જેમ આપણે રાજકોટ, સુરત અને વડોદરામાં પણ મેટ્રોરેલનો પ્રોજેક્ટ શરૂ કરવાનો છે. જો અમદાવાદ મેટ્રોની આ હાલત હોય તો બાકીના શહેરો માટે તો આપણે ૨૦૨૫ સુધી રાહ જોવાની રહેશે, અથવા તો ઈરાદો એક ચૂંટણી સ્વપ્ન બનીને રહી જશે...

**ગાંધીનગરમાં મોતની મુસાફરી હાઉસફુલ ...**

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે મુસાફરોનો

● અનુસંધાન પાન-૭ પર





સ્મૃતિ યાત્રા - ભારતમાં સૌ પ્રથમ ધર્મના પ્રચાર માટે પગ મૂકનાર ભગવાન ઈસુના બાર શિષ્યો પૈકીના એક સંત થોમસની સ્મૃતિમાં નગરજના ખ્રિસ્તી પરિવારો દ્વારા સ્મૃતિયાત્રા યોજાઈ હતી. સેક્ટર-૮ના ચર્ચથી આરંભાયેલી યાત્રા ચ-માર્ગ પર થઈને સેક્ટર-૮માં પરત ફરી હતી. સંત થોમસના જીવનકવન આલેખતા સૂત્રો અને ગીતો ગાતા-ગાતા નિકળેલા ખ્રિસ્તી સમુહને નગરજનોએ આદરપૂર્વક નિહાળ્યા હતા. (તસવીર : દર્શન મારૂ)

# આ વર્ષે રથયાત્રામાં ભગવાનની નવી મૂર્તિના દર્શન થશે

### જુની મૂર્તિમાં સ્હેજ તિરાડ પડવાથી સાગના લાકડામાંથી નવી મૂર્તિ તૈયાર કરાઈ રહી છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરની રથયાત્રા આ વર્ષે ભગવાનની નવી મૂર્તિના દર્શનનો લાભ દર્શનાર્થીઓને લાભ મળશે. આ વર્ષે ગાંધીનગરના પંચદેવ મંદિરથી નીકળતી રથયાત્રા ૩૦ વર્ષ પુરા કરી ૩૧માં વર્ષમાં પ્રવેશ કરી રહી છે.

વર્ષ-૧૯૮૫માં ગાંધીનગરના સે. ૨૨ના પંચદેવ મંદિરેથી રથયાત્રા કાઢવાનો પ્રારંભ કરાયો હતો જે સતત ૩૦ વર્ષથી અવિરતપણે ચાલુ રહ્યો છે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથજી, બહેન શુભદ્રાજી અને ભાઈ બલરામજીની કાષ્ઠથી બનેલ સંયુક્ત મૂર્તિ સ્વરૂપે નગર વિહાર કરવા નીકળે છે. ત્રીસ વર્ષ પહેલા બનાવાયેલ આ મૂર્તિ લાકડાની હોવાથી તેમાં સ્હેજ તિરાડ પડવા પામી છે જેને કારણે રથયાત્રા આયોજકો તરફથી આ વર્ષે સાગના લાકડામાંથી નવી મૂર્તિ તૈયાર કરવામાં આવી રહી છે. જૂની મૂર્તિને પંચદેવ મંદિરના પ્રાંગણમાં કાયમી દર્શનાર્થે પ્રસ્થાપિત કરવામાં આવશે તેવું મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રીએ જણાવ્યું છે. આમ ગાંધીનગરની ૩૧મી રથયાત્રામાં દર્શનાર્થીઓને ભગવાનની નવી મૂર્તિના દર્શનનો લાભ મળશે.

# નાગરિક બેંકમાં સર્વસંમતિની શક્યતાઓ ચૂંટણી બિનહરિફ થવાના સંકેતો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સૌથી મોટા સહકારી એકમ ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૨મી જુલાઈએ યોજાનાર ચૂંટણીમાં બિનહરિફ થવાની શક્યતા વર્તાઈ રહી છે. મોડી સાંજે પ્રાપ્ત થતા બિનસત્તાવાર અહેવાલો મુજબ શહેર અને જિલ્લાના સહકારી અને રાજકીય આગેવાનોએ મતદાન ટાળવા માટે ભરપૂર પ્રયાસો કર્યા હતા. જેમાં વર્તમાન બે ડિરેક્ટરો ચૂંટણીમાંથી ખસી ગયા બાદ ખસી ગયેલા બંને ઉમેદવારોએ સૂચવેલા નામો પર સર્વસંમતિ સધાતા ઘીના ઠામમાં ઘી થયાની લાગણી સૌ અનુભવી રહ્યા હતા.

મળતી માહિતી મુજબ બેંકના વર્તમાન ડિરેક્ટર સર્વશ્રી અશોકભાઈ હીરાભાઈ પટેલ (વકીલ) અને જયંતિભાઈ પટેલે (ભગત) ઉમેદવારીપત્ર પાછુ ખેંચી લેતા નવા બે ઉમેદવારને સમાવવાનો માર્ગ મોકળો બન્યો હતો. પૂર્વ ડિરેક્ટર શ્રી અશોકભાઈ જી. પટેલ (જાખોરાવાળા) અને શ્રી વિષ્ણુભાઈ પટેલ (કર્મચારી અગ્રણી)નો સમાવેશ કરવા સર્વસંમતિ સધાઈ હતી. બાકીના ચાર ઉમેદવારો પણ ઉમેદવારીપત્ર પાછું ખેંચી લેવાના પ્રયાસો થઈ રહ્યા છે.

# ચોર-લૂંટારાની અફવાઓની જવાળામાં ઈન્ફોસીટીમાં કાર્યરત કોલ સેન્ટરના ત્રણ કર્મચારીઓની નોકરી હોમાઈ

**મોડી રાત્રિએ કર્મચારીઓને મુકવા ગયેલ ગાડી પર કડજોદરા નજીક પાઈપથી હુમલો કરી કાચ ફોડી નંખાયા : હુમલો કરનારા ચોર-લુંટારા હતા કે સ્વરક્ષણ માટે ઉભેલા ગ્રામજનો તે કળવું મુશ્કેલ : હતપ્રભ થયેલા ડ્રાઈવર સહિત બે કર્મચારીઓએ બીજા દિવસે નોકરીમાંથી રાજીનામું આપી દીધું : લીહોડા ગામમાં મોબાઈલ ટાવર રીપેર કરવા ચઢેલા કર્મચારીને ગ્રામજનો ચોર સમજી બેઠા**





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિના સમયે લુંટારુંઓ-આતંકવાદીઓ હુમલો કરે છે તવી ફેલાયેલી અફવાઓની જવાળામાં ઈન્ફોસીટીના ત્રણ કર્મચારીઓની નોકરી પણ હોમાઈ જવા પામી છે. મોડી રાત્રિએ ઈન્ફોસીટીમાં આવેલ એક કંપનીના કોલ સેન્ટરના કર્મચારીઓને ઘરે ડ્રોપ કરવા ગયેલી ગાડી પર હુમલો કરી તેના કાચ ફોડી નાંખવાની ઘટનાથી હતપ્રભ થયેલા ડ્રાઈવર અને બે કર્મચારીઓએ બીજા દિવસે નોકરી છોડી દીધી હતી.

બનાવની વિગત એવી છે કે ગાંધીનગરની ઈન્ફોસીટીમાં ટેક મહિન્દ્રા કંપની દ્વારા ઈટેક કોલ સેન્ટર ચલાવવામાં આવે છે. આ કોલ સેન્ટરમાં જિલ્લાના અનેક ગામના યુવાનો નોકરી કરવા આવે છે તેમને લેવા મુકવા માટે કંપની દ્વારા અર્ટસ કોન્ટ્રાક અને ટ્રાન્સ્પોર્ટેશન સર્વિસ પુરી પાડવામાં આવે છે. બે દિવસ પહેલા બપોરની ૪થી રાત્રિના ૧ વાગ્યા સુધીની શીફટના કર્મચારીને મુકવા માટે ડ્રાઈવર રણજિત (રહે. ધોળાકુવા) કંપનીની કવાલીસ ગાડી લઈને દહેગામ તરફ ગયા હતા ત્યાં કર્મચારીને ઉતારી બાકીના બે કર્મચારીઓ જેમને પ્રાંતિજ મુકવા જવાના હતા તેમને લઈને પરત ફરી રહ્યા હતા ત્યારે કડજોદરા ગામ પાસે કેટલાક ઈસમોને રસ્તા પર ઉભેલા જોયા હતા. તેમને જોઈ ડ્રાઈવરે ગાડી ધીમી પાડી પરંતુ આ શખ્સોના હાથમાં પાઈપો અને લાકડીઓ જોતા ગભરાઈ ગયેલા ડ્રાઈવરે ગાડી તુરંત ભગાવી હતી. આથી પેલા શખ્સોમાંના એક ઈસમે પાઈપનો છુટ્ટો ઘા કરતા ગાડીનો ડાબી સાઈડની બારીનો કાચ તુટી ગયો હતો. એટલે થી ન અટકતાં આ શખ્સોએ ફરી પાઈફ ફેંકતા ગાડીની પાછળનો કાચ પણ તુટી જવા પામ્યો

● અનુસંધાન પાન-૨ પર

# પંચાયતની આજની પરીક્ષામાં માત્ર ૪૦ ટકા જ પરીક્ષાર્થીઓ હાજર

ગાંધીનગર, તા.૫

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા અગાઉ મુલત્વી રખાયેલ જુનિયર કલાર્ક અને એફ.એચ. ડબલ્યુ. સંવર્ગની યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં માત્ર ૪૦ ટકા પરીક્ષાર્થીએ જ આજે હાજરી આપી હતી.

**પેપર સરળ નીકળ્યું : એક સપ્તાહમાં જ આન્સર કી જાહેર કરવાનું તંત્રનું આયોજન**

આજે યોજાયેલ આ સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રશ્નપત્ર પ્રમાણમાં સરળ હોવા છતાં ઉત્તારોની દ્વિધા પરીક્ષાર્થીઓએ અનુભવી હતી.

આજે પરીક્ષા દરમિયાન પંચાયત સેવા પસંદગી મંડળના નિયામક શ્રીમતી સુષ્મા અગ્રવાલ વિશેષ પ્રતિનિધિ તરીકે ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બંને પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા ખંડની મુલાકાત લીધી હતી. એટલું જ નહિ સંચાલનની પ્રક્રીયા પણ ખુબ ઝીણવટભરી રીતે નિહાળી હતી.

એફ.એચ. ડબલ્યુ સંવર્ગમાં નોંધાયેલ ૧૪૦ પરીક્ષાર્થીઓ પૈકી માત્ર ૬૦ પરીક્ષાર્થી જ ઉપસ્થિત રહ્યા હતા.

તો જુનિયર કલાર્ક સંવર્ગની જગ્યા માટે નોંધાયેલા ૧૪ હજાર જેટલા પરીક્ષાર્થીઓમાંથી માત્ર ૫૬૬૮ પરીક્ષાર્થીઓ જ હાજર રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં જુનિયર કલાર્કની નવ જગ્યાઓ માટે આ પરીક્ષા યોજવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે પસંદગી મંડળ દ્વારા આજની પરીક્ષાની આન્સર કી એક સપ્તાહમાં જ જાહેર કરાશે. આ સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ પણ વહેલી તકે જાહેર કરવાનું આયોજન હાલ વિચારાધીન હોવાનું જાણવા મળેલ છે.


સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૯૯૮૯ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515 93 761 8000 3 93 28 89 3535
અક્ષી રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

KIPA રાસ-ગરબા કલાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુકલ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
કલાસીસ ૧ ઓગષ્ટ થી શરૂ
વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સ્ટુડન્ટસ લેવામાં આવશે.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃદ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
ફિલ્ટર સાથે · Tobacco 100% Free
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન · હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી · પાન મુખવાસ
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.: ૯૭૦૭૬૬૬૩૧૪
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
YOUR OWN Resort
નિરવતાનો રવ...
bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice · KAMDHENU STEEL · STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪ડી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૯૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com